# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૫/ક્વા-૨/૧૯-૨૦/૬૧૩૨–૪** **તા.૧૧–૦૯–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૫/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **વેલબોક્સ મિનેટેક – ગાહક નંબર ૨૮૬૦૨.** ગામ: **પોરબંદર**

રજૂઆત કરનાર: **અરજદાર વેલબોક્સ મિનેટેક વતી તેના પ્રતિનિધિ તરીકે** (૧) કે.ડી. જોષી (૨) નરોતમ જી. ભાયાણી અને (૩) સતીષ કે. બાપોદરા **હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - દ્વારકા

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી કે.સી.ચૌહાણ પીજીવીસીએલ વિભાગીય કચેરી - દ્વારકા

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી

તારીખ: ૦૪-૦૯-૨૦૧૯ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૪-૦૯-૨૦૧૯ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ બન્ને પક્ષકારો હાજર રહેલા હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર તેઓની અરજીના નોંધણી નં: ૧૫/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓ** દેવભુમી દ્વારકા જીલ્લાના દ્વારકા ડિવીજન હેઠળ કુરંગા ગામે કેલ્સાઇન્ડ બોકસાઇટ માટેની ફેકટરી - **વેલબોક્સ મિનેટેક - ગાહક નંબર ૨૮૬૦૨ થી** ૫૦૦ કે.વી.એ નું એચ.ટી વીજજોડાણ ધરાવે છે.

**તેઓના જોડાણ માં** હાલમાં કુરંગા જે.જી.વાય ફીડરમાંથી પાવર મળેછે. આ પાવર વારંવાર વીક્ષેપ પામે છે. નાના એવા ફોલ્ટ માટે પણ લાંબા સમય સુધી વીજ પુરવઠો બંધ રાખવામાં આવે છે. આ કારણે **તેઓ** પ્રોડકશન પુરતી કેપેસીટીથી લઇ શકતા નથી. આ સાથે પાવર બંધ થયા અંગે અમારી ફેકટરીમાં રાખેલ દરેક માસની વિગતો અભ્યાસ અર્થે રજુ કરેલ છે. **તેઓ**એ દ્વારકા ડિવીઝન તેમજ ભાટીયા સબ ડિવીઝનમાં આ અંગે રજુઆતો કરેલ છે પરંતુ **તેઓના** પ્રશ્નનું નિરાકરણ થયેલ નથી.

૨.૧ કુરંગા ફિડરમાં આવતા અન્ય વીજ લાઇનના ક્રોસીંગમાં કેબલ નાખી આપવા અને ફેકટરી થી આગળના ભાગમાં વધારાની સ્વીચ મુકી આપવા વિનંતી કરેલ છે. જેથી કરીને **તેઓની** ફેકટરી સુધીનો પાવર સપ્લાય ચાલુ રહિ શકે અને આર્થીક નુકશાનીથી બચી શકાય.

૨.૨ અરજદારે તેઓના યુનિટમાં વીજ પુરવઠો નીયમિત રીતે પુરો પાડવામાં આવે તે બાબતે - **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી વેલબોક્ષ મીનેટેક દ્વારા ભાટિયા પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. કુરંગા ખાતે આવેલ વીજ જોડાણમાં ૧૧ કેવી કુરંગા જ્યોતિગ્રામ ફીડરમાં વીજ પુરવઠાનું સાતત્ય જળવાઈ રહે તે માટે મહત્તમ પ્રયત્નો થકી ૧૧ કેવી કુરંગા ફીડરની વીજ લાઈનની યોગ્ય મરામતની કામગીરી કરાવેલ છે. સદર મરામત માં લાંબા ગાળામાં ૨૨ નગ પોલ ઊભા કરેલ છે તેમજ અર્થિંગ, તાણીયા, પોલ સીધા કરવાનું કામ તથા જૂના પોલ બદલવાનું વિગેરે કામગીરી કરેલ છે. તેમજ આ ફીડરને ક્રોસ કરતા ૧૧ કેવી માઈક્રોવેવ ખેતીવાડી ફીડરના વિવિધ લોકેસન પર ૧૧ કેવી એબીસી કેબલ નાખી ફૂલ ૧૪ ક્રોસિંગ દુર કરેલ છે. તેમજ ૧૧ કેવી બ્રેકર તથા પેનલ પણ તા.૨૫.૦૭.૨૦૧૯ ના રોજ GETCO દ્વારા નવી નાખી દેવામાં આવેલ છે. અરજદારની કંપનીથી આગળના ભાગમાં ડીઓ/ડીપી તથા સ્વિચ મુકેલ છે પરંતુ સલામતીના ભાગરૂપે લાઇન કામગીરી માટે જરૂરિયાત મુજબ વિવેકપૂર્વક ઉપયોગ કરવામાં આવે છે.

3.૧ કુરંગા જ્યોતિગ્રામ ફીડર પોરબંદર દ્વારકા હાઇવે પટ્ટી પરથી પસાર થાય છે કે જે દરિયાઈ વિસ્તારથી બિલકુલ નજીક છે. તેમજ અરજદારની કંપની ભાટિયા સબસ્ટેશન થી આશરે ૧૫ કિમી દુર થાય છે. એટલે કે અરજદારની કંપની સદર ફીડરના છેલ્લા ભાગે છે. આમ કુરંગા જ્યોતિગ્રામ ફીડરમાં મહદઅંશે માળખાગત સુવિધામાં યોગ્ય સુધારો અને મરામત કરવામાં આવેલ છે. અને ભવિષ્યમાં અરજદારનો નો વીજ પુરવઠો અવિરત રહે તે માટે અત્રેની કચેરી તમામ પ્રયત્નો કરવા કટીબદ્ધ છે.

3.૨ દ્વારકા-સોમનાથ હાઇવે રોડ- પહોળા કરવાની કામગીરી ચાલુ હોવાથી એપ્રિલ, મે માસ દરમ્યાન લાઇન શિફ્ટિંગ કામગીરી માટે વીજ-પુરવઠો બંધ રાખવામા આવતો હતો. હાલ કુરંગા ગામ RSPL કંપની ગેટ પાસે ૬૬ કેવી કુરંગા સબસ્ટેશન બનાવવા માટેની મંજૂરી પણ મેળવેલ છે તથા GETCO દ્વારા સદર સબસ્ટેશન બનાવવા અંગેની કામગીરી હાથ ધરેલ છે. આથી અરજદારને મળતા વીજ પુરવઠાને ભવિષ્યમાં બાંધકામ પૂર્ણ થયે – ૬૬ કેવી સબસ્ટેશનમાથી આપી દેવામાં આવશે. જેથી અરજદારની કંપનીના વીજ પુરવઠા અંગેની સમસ્યાનો કાયમી ધોરણે ઉકેલ થઈ જશે. સદર બાબતની જાણ અરજદારને તા.૦૩.૦૯.૨૦૧૯ થી કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **અરજદાર** દેવભુમી દ્વારકા જીલ્લાના દ્વારકા ડિવીજન હેઠળ કુરંગા ગામે કેલ્સાઇન્ડ બોકસાઇટ માટેની ફેકટરી - **વેલબોક્સ મિનેટેક ના નામે ગાહક નંબર ૨૮૬૦૨ થી** ૫૦૦ કે.વી.એ નું એચ.ટી વીજજોડાણ ધરાવે છે.

૪.૨ **અરજદાર નું સદર વીજજોડાણ માં** ૧૩૨ કેવી સબસ્ટેશન માથી નીકળતા કુરંગા જે.જી.વાય ફીડરમાંથી આપવામાં આવે છે. અરજદાર નુ સદર વીજજોડાણ ફીડરના છેવાડે એટલેકે આશરે – સબસ્ટેશનથી ૧૫ કીમી દુર આવેલ છે.

તદઉપરાંત, સદર ફીડરને ૧૧ કેવી માઇક્રોવેવ ખેતીવાડી ફીડરના વિવિધ લોકેશન ઉપર થી ક્રોસ થાય છે. જે પીજીવીસીએલ દ્વારા સર્વે મુજબ –૧૪ લોકેશન ના ક્રોસીંગમાં એબીસી કેબલ લગાડેલ છે. તદઉપરાંત, GETCO કંપની દ્વારા સદર ફીડરના ૧૧ કેવી બ્રેકરનુ ફોલ્ટનુ રીપેરીંગ કરી અપાયેલ છે. અરજદારને અન્ય ફીડરમાથી પાવર મળી શકે તેમ નથી.

૪.૩ ઉપરોકત મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે – પીજીવીસીએલ ને ૬૬ કેવી કુરંગા સબસ્ટેશન બનાવવા માટેની મંજૂરી મળેલ છે – જેનુ કામ પૂર્ણ થયે – અરજદાર ને નજીક ના અંતરે થી પાવર સપ્લાય મળી શકશે.

૪.૪ અરજદાર ની રજુઆત મુજબ – સદર ફીડરમાં વારંવાર વીજ ફોલ્ટ આવતો હોય, તેમજ વીજ ફોલ્ટ રીપેરીંગમાં ખૂબજ સમય જતો હોય, જેથી ૧૧ કેવી કુરંગા જેજીવાય ફીડર માં દ્રારકા વિભાગીય કચેરી હેઠળના વીજ સમારકામ ની કામગીરી કરતા કોન્ટ્રાકટરો પાસેથી મહતમ મેન પાવર નુ સંકલન કરીને સલામતી ના ચુસ્ત નિયમોનુ પાલન કરીને જવાબદાર અધિકારી ના સુપરવિઝન હેઠળ માસ મેન્ટેનન્સ ની કાર્યવાહી દિન– ૬૦ માં અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પૂર્ણ કરવાની પીજીવીસીએલ ને સુચના આપવામા આવે છે. વધુમાં ગ્રાહક ની માંગણી ને ઘ્યાને રાખીને – સલામતી ના નિયમોને ઘ્યાને રાખીને – યોગ્ય અંતરે નવી એ.બી.સ્વીચ મુકવાની પણ પીજીવીસીએલ સુચના આપવામા આવે છે, જેથી – અરજદાર ની વિજવિક્ષેપ ની સમસ્યાનો વધુમાં વધુ સારી રીતે ઉકેલ આવી શકે.

તેમજ, અરજદાર એચ.ટી. વીજજોડાણ ધરાવતા હોય– સદર ફીડરમાં અગાઉ થી નકકી કરેલ મેન્ટેનન્સ અને ઈમરજન્સી શટડાઉન બાબતે – અરજદાર ને સમયસર ટેલીફોનીક જાણકારી આપવા અંગે સબંઘક કર્મચારીઓની જવાબદારી નકકી કરીને– ખાસ સુચના આપવાની પીજીવીસીએલ ને તાકીદ કરવામા આવે છે.

૪.૫ સદર કેઈસ માં ઉપરોક્ત પેરા નં.૪.૪ મુજબ આદેશ આપવામાં આવે છે.

૪.૬ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯